પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨ | ૩ એપ્રિલ, ૨૦૧૯, બુધવાર; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગરીબી અને બેરોજગારી હટાવવા કોંગ્રેસનું વચન

**કોંગ્રેસના ઘોષણાપત્રમાં આફસા, રાજદ્રોહને ખતમ કરવા માટે વચન : દિલ્હીમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મનમોહનસિંહની હાજરીમાં ઘોષણાપત્ર જારી : ૨૦ ટકા ગરીબ પરિવારોને વર્ષે ૭૨ હજાર અપાશે : ખેડૂતો દેવું નાચૂકવી શકે તો તે અપરાધ નહીં ગણાય : ૩ વર્ષ સુધીમાં તમામ યુવાઓને બિઝનેસ કરવા કોઇ મંજૂરી નહીં લેવી પડે**



નવીદિલ્હી, તા. ૨

લોકસભાની ચૂંટણીને લઈને વધારે સમય રહ્યો નથી ત્યારે કોંગ્રેસ પાર્ટીએ આજે ઘોષણાપત્ર જારી કરીને ફરી એકવાર ભાજપની ચિંતા વધારી હતી. ઘોષણાપત્રમાં કોંગ્રેસ પાર્ટીએ અનેક મોટા વચનો આપ્યા છે. ઘોષણાપત્રમાં ખેડૂતો, ગરીબો, બેરોજગાર અને યુવાનો માટે શ્રેણીબદ્ધ વચનો આપવામાં આવ્યા છે. સાથે સાથે રાજદ્રોહ અને પુર્વોત્તરના રાજ્યોમાં સુરક્ષા દળોને ખાસ અધિકાર આપવા સાથે સંબંધિત આફસાની કલમને ખતમ કરવાની જાહેરાત પણ કરી છે. કોંગ્રેસના ઘોષણાપત્ર હમ નિભાયેંગેમાં કહેવામાં આવ્યું છે કે, જો પાર્ટી સત્તામાં આવશે તો દેશદ્રોહના અપરાધને પરિભાષિત કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૪એને ખતમ કરવામાં આવશે. ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે, આ કલમનો દુરુપયોગ મોટાપાયે કરવામાં આવી રહ્યો છે. દિલ્હીમા પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં આ ઘોષણાપત્રની જાહેરાત કરવામાં આવી હતી. આમા કહેવામાં આવ્યું છે કે, વચનો કઈરીતે અદા કરવામાં આવશે તેના માટે પણ વિચારણા છે. રાહુલે કહ્યું છે કે, ચિદમ્બરમ, મનમોહનસિંહ, એકે એન્ટોની અને સોનિયા ગાંધી પણ આના માટે આભારી છે. દેશના દરેક વિસ્તારમાં લોકોની પાસે જઈને ઘોષણાપત્ર તૈયાર કરવામાં આવ્યો છે. ઘોષણાપત્રમાં પાંચ મુખ્ય થીમ રાખવામાં આવી છે જેમાં ન્યાય યોજના પ્રથમ થીમ તરીકે છે. ન્યાય યોજના મારફતે ૭૨૦૦૦ રૂપિયા અને ગરીબી ઉપર વાર કરવાની વાત કરવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીની પ્રથમ ગેરન્ટી છે કે, ભારતના ૨૦ ટકા ગરીબોને દર મહિને તેમના ખાતામાં સીધા પૈસા જમા કરવામાં આવશે. દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા અને પાંચ વર્ષમાં એક ગરીબ પરિવારને આ યોજના હેઠળ ૩.૬૦ લાખ રૂપિયા આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસનો ઘોષણાપત્ર ભારત માટે ખુબ ખતરનાક : જેટલી

**જમ્મુ કાશ્મીર સંદર્ભમાં કેટલાક મુદ્દા રાહુલ ગાંધીના ટુકડે ટુકડે ગેંગ દ્વારા તૈયાર કરાયા હોવાનું લાગે છે : નાણામંત્રી**



નવીદિલ્હી, તા. ૨

કોંગ્રેસ પાર્ટીએ આજે જારી કરેલા પોતાના ચૂંટણી ઘોષણાપત્રને જનઅવાજ નામ આપ્યું છે. કોંગ્રેસના ઘોષણાપત્ર બાદ ભાજપે આને લઈને પ્રતિક્રિયા આપી હતી અને ઘોષણાપત્ર ઉપર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયમંત્રી અરુણ જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ખતરનાક વચનો આપી રહી છે. તેના મેનિફેસ્ટોમાં એવા એજન્ડા છે જે દેશને તોડવાનું કામ કરે છે. કોંગ્રેસે હમ નિભાયેંગેના વચન સાથે લઘુત્તમ આવક યોજના, રોજગાર સર્જન અને ખેડૂતો માટે અલગ બજેટ સહિત કેટલીક મોટી જાહેરાતો કરી છે. જેટલીએ ક્હયું હતું કે, અજાણતે અથવા તો સમજ્યા વગર કેટલાક મોટા નિર્ણય જાહેર કરી દેવામાં આવ્યા છે. નહેરુ-ગાંધી પરિવારની જમ્મુ અને કાશ્મીરને લઈને જે ઐતિહાસિક ભુલ હતી તે માટે તેમને માફ કરી શકાય નહીં. હવે તે એજન્ડાને આગળ વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેટલીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસનું નેતૃત્વ જેહાદીઓ અને માઓવાદીઓના સકંજામાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## આઈટીનાં દરોડામાં ડીએમકેના મંત્રીને ત્યાંથી ૧૫ કરોડ રોકડ જપ્ત

ચેન્નાઈ,તા. ૨

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ કેટલાક એવા ધનકુબેરો પણ સામે આવી રહ્યા છે જેમની પાસેથી લાખો નહીં પરંતુ કરોડો રૂપિયાનું રોકડ નાણું મળી રહ્યું છે. ચેન્નાઈમાં આવો જ એક કિસ્સો બન્યો છે. ડીએમકેના મંત્રી એસપી વેલુમણીના નિવાસે ઈનકમ ટેક્સ વિભાગે દરોડા પાડ્યા હતા. જેમાં વિભાગના અધિકારીઓને ૧૫ કરોડ રૂપિયાની રોકડ રકમ હાથ લાગી હતી.

મંત્રીના ઘરેથી આટલી મોટી સંખ્યામાં રોકડ રકમ મળી આવતા વિભાગે તેમના ગોડાઉન પર પણ દરોડા પાડવાનો નિર્ણય કર્યો હતો. મંત્રીના સિમેન્ટના ગોડાઉન પર દરોડા પાડતા ત્યાંથી પણ મોટી સંખ્યામાં રોકડ રકમ હાથ લાગી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## અંકુશરેખા પર સામસામે ગોળીબાર

**અવિરત યુદ્ધવિરામના ભંગ વચ્ચે ભારતની કાર્યવાહીમાં ૩ પાક જવાનોના મોત : ભારતની કાર્યવાહી બાદ પાકિસ્તાને તેના ત્રણ જવાનના મોતની કબૂલાત કરી**

શ્રીનગર,તા. ૨

ભારતીય લશ્કરી દળોએ સરહદ ઉપર મોટી કાર્યવાહી કરી છે જેના પરિણામ સ્વરુપે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામનો ભંગ કરીને અવિરત ગોળીબાર વચ્ચે અંકુશરેખા ઉપર ભારતીય જવાનોએ આક્રમક કાર્યવાહી કર છે જેના લીધે પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીનો કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં ભારતે કાર્યવાહી કરતા પાકિસ્તાનના ત્રણ જવાનોના મોત થયા છે. પાકિસ્તાન સૈન્ય દળો દ્વારા આની કબુલાત કરવામાં આવી છે. જો કે ભારતે દાવો કર્યો છે કે પાકિસ્તાન દ્વારા જે વાત કરવામાં આવી રહી છે તેના કરતા વધારે નુકસાન પાકિસ્તાનને થયુ છે. પાકિસ્તાને આજે સતત પાંચમા દિવસે યુદ્ધવિરામનો ભંગ કરીનો કાર્યવાહી કરી હતી. પાકિસ્તાન દ્વારા સરહદી વિસ્તારોમાં સેનાની પોસ્ટ અને નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવીને કેટલીક વખત ગોળીબાર કર્યો છે. ભારતીય સરહદમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના

● અનુસંધાન પાન-૭ પર





